અપીલ અરજી નં.૫૦ તા.૩૦–૫–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રાજેશ જયંતીભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ જયંતીભાઈ પટેલનીઆઈ ડી.૮૩ તા.૨૪–૪–૦૯ ની અરજીથી મ્યુ.કમિશનરશ્રીને તા.૨૩–૭–૦૮, ૬–૮–૦૮, ૮–૮–૦૮, ૧૫–૧૦–૦૮ અને ૨૭–૧૦–૦૮ ડે.કમિશનર (પઅનેઈ) ને તા.૨૧–૭–૦૮, ૬–૮–૦૮,૧૬–૧૨–૦૮ અને ૬–૧–૦૯ તથા વીજીલન્સ અધિકારીને તા.૨૧–૭–૦૮, ૬–૮–૦૮ અને ૮–૮–૦૮ ના રોજ આપેલ અરજીઓના સંદર્ભમાં કર્મચારી શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક સામે શું પગલા ભરવામાં આવ્યા તેની માહિતી તેમજ તપાસ દરમ્યાન તેમના વ્યવસાય એજન્સી પગાર કે કમીશન આવેલ હોય તો તેની માહિતી મજુકર કર્મચારીને સસ્પેન્ડ અને દુર કરવા અંગે કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે, દુર કરવાની જવાબદારી કોની વિગેરે અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૩૦–૫–'૦૯ ની અપીલ અરજી નં.૫૦/૨૦૦૯–૧૦

શ્રી રાજેશ જયંતીભાઈ પટેલનીઆઈ ડી.૮૩ તા.૨૪–૪–૦૯ ની અરજીથી મ્યુ.કમિશનરશ્રીને તા.૨૩–૭–૦૮, ૬–૮–૦૮, ૮–૮–૦૮,૧૫–૧૦–૦૮ અને ૨૭–૧૦–૦૮ ડે.કમિશનર (પઅનેઈ) ને તા.૨૧–૭–૦૮,૬–૮–૦૮,૧૬–૧૨–૦૮ અને ૬–૧–૦૯ તથા વીજીલન્સ અધિકારીને તા.૨૧–૭–૦૮, ૬–૮–૦૮ અને ૮–૮–૦૮ ના રોજ આપેલ અરજીઓના સંદર્ભમાં કર્મચારી શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક સામે શું પગલા ભરવામાં આવ્યા તેની માહિતી તેમજ તપાસ દરમ્યાન તેમના વ્યવસાય એજન્સી પગાર કે કમીશન આવેલ હોય તો તેની માહિતી મજુકર કર્મચારીને સસ્પેન્ડ અને દુર કરવા અંગે કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે, દુર કરવાની જવાબદારી કોની વિગેરે અંગેની માહિતી આપવા બાબતે નં.જીએડી/ઈએસટી/૩૨૨ તા.૭–૫–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૧ તા.૪–૬–૦૯ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી નં.વીઆઈડી/૨૭૮ તા.૧૦–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગત મળેલ છે. જેમાં અરજદારની તા.૨૧/૨૪–૭–૦૮ ની અરજી બાબતે તા.૭–૮–૦૮ નો તપાસ રીપોર્ટ તથા અન્ય મુદ્દાઓ મધ્યસ્થ મહેકમને સ્પર્શતા હોય વીઆઈડી/૧૪૯ તા.૧૬–૧૦–૦૮ થી કાર્યવાહીને લગતા મધ્યસ્થ મહેકમને પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદારે તેમની તા.૨૧–૭–૦૮ ની અરજી સાથે સને ૨૦૦૭–૦૮ ટીડીએસ ફોર્મ ૧૬–એ ની બે નકલ અને કમીશન સ્ટેટમેન્ટ તેમજ મજકુર કર્મચારી નોકરી જોઈન્ટ પછીના તા.૧૭–૧૦–૦૬ થી તા.૨૧–૬–૦૭ ની પોલીસી વિગતોનું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે જયારે ઈફકો ટોકીયો કંપનીનો તા.૨૮–૭–૦૮ નો એજન્સી ટર્મીનેટ કરવાનો પત્ર તથા મજકુર કર્મચારીનું નિવેદન વીઆઈઓના રીપોર્ટ સાથે તેમણે રજૂ કરેલ છે. જયારે ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) કક્ષાએથી અરજદારની મૂળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૨ તા.૭–૫–૦૯ તથા મજકુર કર્મચારીની વિગતો અંગે ઈફકો ટોકીયો જનરલ ઈન્યુરન્સને પાઠવેલ પત્ર તથા સ્મૃતિ પત્ર ૧ થી ૬ ની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને ડે.કમિશનર(પઅનેઈ) કક્ષાએથી આપેલ માહિતી મજકુર કર્મચારીના આક્ષેપો બાબતે જરૂરી આધાર પુરાવા મેળવી એકત્ર કરી સક્ષમ સત્તાના આદેશો મેળવવા અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. કર્મચારી સામેના આક્ષેપો સબબ સુરત મહાનગરપાલિકાની નિતિ નિયમો અનુસાર કાર્યવાહી કરી જે તે નિર્ણય લેવાના રહેતા હોઈ કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે સદર બાબતે શું કાર્યવાહી કરેલ છે કે નહીં? તે અંગે કંઈ પગલા લીધેલ હોય તથા મજકુર કર્મચારીને નિયમ મુજબ નોકરીમાંથી દુર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી અને તેની સામે સ્વતંત્ર તપાસ કરવામાં આવેલ હોઈ, કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટેની છેવટની જવાબદારી કોની અને તેને તાત્કાલીક દુર કરવાની જવાબદારી કયા અધિકારી/કર્મચારીની છે વિગેરે માહિતી આપેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. જે અંગે તા.૨૫–૬–૦૯ ના રોજ બપોરે ૩.૪૫ કલાકે સુનાવણી અંગે નં.આરટીઆઈ સેલ/૨૮૭ તા.૧૯–૬–૦૯ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી વીજીલન્સ ઓફિસર તથા ડે.કમિશનર(પઅનેઈ)ને પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને તા.૨૫–૬–૦૯ ના રોજ એપેલેટ અધિકારી સરકારી કાર્યક્રમમાં રોકાયેલ હોય સુનાવણી ૩.૪૫ કલાકે મુલત્વી રાખી આવેલ પક્ષકારોને જણાવી ૫.૧૫ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહેલ અને અરજદાર તરફેથી રજૂઆત કરવામાં આવેલ કે શું તપાસ

પાછળ

કરવામાં આવી? તેની માહિતમાં તપાસ પ્રક્રિયા હેઠળ છે તેવો જવાબ મળેલ છે. છેલ્લા ૧૧ માસથી વારંવાર એવો જવાબ મળેલ છે તપાસ ચાલુ છે તેવી માહિતીથી સંતોષ નથી જેથી તપાસ પ્રક્રિયા કયાં સુધી પહોંચી છે તે જણાવવા રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ડે.કમિશનર(પઅનેઈ) તરફથી મ. જાહેર માહિતી અધિકારીએ હાજર રહી તપાસની પ્રક્રિયા ચાલુ છે અને જે માહિતી તપાસને બાધક રૂપ નહીં થાય તેવી માહિતી આપવામાં મહેકમ ખાતાને વાંધો રહેતો નથી. અરજદારને અરજીના સંદર્ભમાં અગાઉ પણ જવાબો કરેલ છે અરજદારે વીજીલન્સ તપાસ રીપોર્ટની નકલ માંગેલ છે જે અરજદારને આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ.સુનાવણી દરમ્યાન વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી હાજર રહીને જણાવેલ કે તપાસનો અહેવાલ મહેકમ ખાતાને સુપ્રત કરવામાં આવેલ છે અને તેની નકલ મહેકમ ખાતાએ અરજદારને આપી હોય બીજી કોઈ માહિતી અરજદારને અરજીના સંદર્ભમાં ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી. અરજદારે પણ સુનાવણી સમયે વીજીલન્સ તપાસની નકલ મળ્યાનું જણાવેલ છે.

અરજદાર મૂળ અરજી, અપીલ અરજી તથા સુનાવણી દરમ્યાન રજૂઆત લક્ષ્યમાં લેતાં અરજદારની વિવિધ અરજીઓ બાબતે ખાતા મારફત થયેલ તપાસ અને તપાસની રીપોર્ટની વિગતો માંગેલ જે વીજીલન્સ તપાસના સ્વરૂપે તેમને મળેલ છે. તે બાબતે કોઈ તકરાર નથી. તે ઉપરાંતની માહિતીમાં અરજદારે તપાસ હેઠળના કર્મચારીને નોકરીમાં સસ્પેન્ડ કે દુર કેમ કરવામાં આવેલ નથી તથા રક્ષણ આપવા માટે જવાબદારી કોની? દુર કરવાની જવાબદારી કયા અધિકારીની છે જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતી આપી જણાવેલ છે કે આક્ષેપો બાબતે જરૂરી આધાર પુરાવા મેળવી સક્ષમ સત્તાના આદેશો મેળવવા કાર્યવાહી હેઠળ છે. તેથી ખોટી રીતે રક્ષણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ તે અંગેની માહિતી પણ તેટલા પૂરતી મળેલ છે. પરંતુ અપીલ તબકકે અરજદારે ભારપૂર્વક જે રજૂઆત કરેલ છે કે પૂરતા પુરાવા આપવા છતાં નોકરીમાંથી દુર કરવા અંગે શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપેલ નથી. તથા આજ દિન સુધી શું કાર્યવાહી કાર્યવાહી કરેલ છે તેની માહિતી આપેલ નથી. જે બાબતે જયાં સુધી નોકરીમાં દુર કરવા બાબતને સબંધ છે ત્યાં સુધી તે કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન છે. જે માહિતી અધિકારી અધિનિયમના વ્યાપમાં ગણી શકાય નહીં. પરંતુ ખાતાએ આટલા લાંબા સમય સુધી શું કાર્યવાહી કરી તેની માહિતી તપાસ હેઠળના ઈસમ જાહેર સેવક હોવાનો દરજજો ધ્યાને લેતાં આપવા પાત્ર થાય.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને ડે.કમિશનર(પઅનેઈ) કક્ષાએથી વીજીલન્સ તપાસ રીપોર્ટ બાદ તપાસ હેઠળના કર્મચારી સામેના આક્ષેપો બાબતે જરૂરી આધાર પુરાવા મેળવવા જે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય તેની વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઇ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ –૦૯

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,મધ્યસ્થ મહેકમ , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશ જયંતિલાલ પટેલ,